ગાંધીનગર સમાચાર

સિવિલના ઓપીડી વિભાગના
વોટર કુલરમાં દુર્ગંધ મારતુ પાણી

# સે-૨૮ના બાલોદ્યાનનું તળાવ બદસૂરત

**આકર્ષણના કેન્દ્ર સમુ તળાવ અત્યારે 'સોનાની થાળીમાં લોઢાની મેખ' સમાન બન્યુ : ઉનાળુ વેકેશનના માહોલ પ્રારંભે સહેલાણીઓની સંખ્યા વધી પરંતુ લીલ-શેવાળવાળા તળાવની હાલત જોઈ બોટીંગ કરવા પ્રત્યે ઉપેક્ષા**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં શાળાઓની પરીક્ષાઓ આખરી તબક્કામાં છે અને બોર્ડની પરીક્ષાઓ અગાઉ પૂર્ણ થઈ જવા પામી છે. એક તરફ ઉનાળાનો માહોલ અને બીજી તરફ વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી શહેરના સે-૨૮માં આવેલ બાલોદ્યાન ખાતે સહેલાણીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. જો કે આ બગીચામાં મુખ્ય આકર્ષણ સમા તળાવમાં યોગ્ય સાફ સફાઈના અભાવે ભયંકર લીલ જામેલી હોઈ આ સહેલાણીઓને ભારે નિરાશા ઉપજી રહી છે અને તળાવમાં બેટીંગની મજા માણવાનું ટાળી રહ્યાં છે.

સે-૨૮ના બગીચાનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર તેનું વિશાળ તળાવ છે જયાં ગાંધીનગર ઉપરાંત અમદાવાદ અને આસપાસના વિસ્તારના અસંખ્ય સહેલાણીઓ બોટીંગની મજા માણવા આવે છે. વળી, હાલ શાળાઓમાં જેમ જેમ પરીક્ષાઓ પૂર્ણ થતી જાય છે તેમ તેમ આ બગીચામાં સહેલાણીઓને ગાર્ડનમાં આવ્યા પછી નિરાશા ઉપજી રહી છે કારણ કે ખૂબ જ ઉત્સાહપૂર્વક તળાવમાં બોટીંગ કરવાના ખ્વાબ સાથે આવે છે પરંતુ તળાવમાં જામેલી ભયંકર લીલ-શેવાળ જોઈ તેમનો ઉત્સાહ ઓગળી જાય છે. યારેક નયનરમ્ય ખૂબસૂરતી ધરાવતા આ તળાવની આવી દુર્દશા સાથેની બદસૂરતી જોઈ સહેલાણીઓ તંત્ર તરફ ફીટકારની લાગણી સાથે રોષ વ્યકત કરી રહ્યાં છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

સે-૨૮નો બગીચો એ આમ તો બારે માસ સામાન્ય વર્ગ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર છે. વળી ઉનાળુ વેકેશનમાં આ બગીચો સૌથી વધુ સહેલાણીઓ મેળવતું કેન્દ્રબિંદુ છે. પરંતુ હંમેશા આ બગીચો તંત્રની ઉપેક્ષાનો ભોગ બનતો આવ્યો છે. આ બગીચાના તળાવમાં બોટીંગનું આકર્ષણ એટલું છે કે એક સમયે અહીં મશીન બોટ ચલાવવા અંગે પણ વિચારણા હાથ ધરાઈ હતી. વળી આ તળાવ સહિત બગીચાની સાર સંભાળ તથા ખૂબસૂરતી માટે અગાઉ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાં હાલ આ તળાવમાં જામેલી ભયંકર લીલ-શેવાળના કારણે તેની સુંદરતાની સોનાની થાળમાં લોઢાની મેખ લાગેલી હોય તેવું ભાસી રહ્યું છે. શકય છે કે તંત્રના આ પ્રકારના દુર્લક્ષના કારણે સહેલાણીઓનું આકર્ષણ ઘટતું જાય છે જે સરવાળે બગીચા માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આ બગીચાના મુલાકાતીઓના જણાવ્યા મુજબ માત્ર તળાવ જ નહીં પરંતુ બગીચાના અન્ય મનોરજંનના સ્થળોએ પણ સાર સંભાળમાં અત્યંત બેદરકારી અને દુર્લક્ષતા ઉડીને આંખે વળગે છે.

## @ગાંધીનગર

● ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર દ્વારા બુધવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૨૨, પંચદેવ મંદિરના પાછળના ભાગના ગરબા મેદાન ખાતે ભાજપ સ્થાપના દિન નિમિત્તે દેશના ભારત વિરોધી તત્ત્વના વિરોધમાં ભારતમાતા ગૌરવ કૂચ કરાશે.

● ગાંધીનગરના રિલાયન્સ ચાર રસ્તા નજીક યુવા અનસ્ટોપેબલ ગ્રુપ દ્વારા સાંજે ૭.૦૦ કલાકે યુવા અનસ્ટોપેબલ ફુડી યોજાશે.

## ત્રિદલ સંસ્થાનું સભ્યપદ મેળવવા જોગ

ગાંધીનગર, તા.૫

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય 'ત્રિદલ' સંસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સંસ્થાના સંવર્ધક અને આજીવન સભ્ય થવા ઈચ્છતા નાગરિકોએ ગુરુવાર અને શનિવાર સાંજના ૫.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે સંસ્થાના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીનો સંપર્ક કરી સંસ્થાનું સભ્યપદ મેળવી લેવા જણાવાયું છે.

## ગુરુવારે શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવ રચિત કાર્યવાહક સમિતિ દ્વારા આગામી તા. ૭મી એપ્રિલને ગુરુવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૨, સ્વસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે બેઠક યોજાશે. આ બેઠકમાં પદાધિકારીઓની વરણી તથા પેન્શનર સહયોગના પ્રકાશન જેવા વિષયો હાથ ધરવામાં આવશે. આ બેઠકમાં તમામ નવરચિત કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

## પેથાપુર ખાતે શ્રીયાગ મહાયજ્ઞ અનુષ્ઠાનનું આયોજન

ગાંધીનગર, તા.૫

શ્રીમદ નારાયણ ફાઉન્ડેશન દ્વારા રામનવમીના પર્વે તા. ૧૫મી એપ્રિલને શુક્રવારના રોજ સાંજે ૫.૩૦થી ૬.૩૦ કલાક દરમિયાન મહાલક્ષ્મીજીની વાડી, કંસારાફળી પેથાપુર ખાતે શ્રીયાગ મહાયજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે યજ્ઞના આચાર્ય શાસ્ત્રી ધવલકુમાર જાનીના વ્યાસ પીઠે લક્ષ્મીનારાયણ પૂજન, શિવ શકિત પૂજન, રૂદ્રઅભિષેક અને નવગ્રહ શાંતિ પાઠ પૂજન કરવામાં આવશે તેમજ વૈદિક વિધિ વિધાન દ્વારા લોકજન કલ્યાણના હેતુસર શ્રી યાગનું આયોજન કરાયું છે. આ પ્રસંગે નગરના તમામ ભાવિક ભકતોને લાભ લેવા ફાઉન્ડેશનના અધ્યક્ષ પ્રવિણસિંહ સિંધા દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

● શહેરમાં તમામ માર્ગો પર કેટલાક દિવસથી દરેક સર્કલ નજીક ઉભા કરવામાં આવી રહેલા પોલ જોઈ નગરજનો વાઈફાઈ સહિતના અનેક તર્ક વિતર્ક કરી રહ્યા હતા. છેવટે આ પોલ પર શહેરમાં કુલ ૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાડાયા છે જે જોઈ આ ચર્ચાઓને નવી દિશા મળી છે.

● શેરબજારમાં ફરી એકવાર ૫૦૦ પોઈન્ટથી વધુના કડાકાએ રોકાણકારોને હચમચાવી મૂકયા છે. રીઝર્વ બેંક દ્વારા રેપો રેટમાં ૨૫ પોઈન્ટનો ઘટાડો કરવા સાથે અન્ય રેટસ યથાવત રાખવામાં આવતા બજારમાં નકારાત્મક અસરો જોવા મળી હતી.

● શહેરમાં સીબીએસસી બોર્ડની શાળાઓના સત્રનો પ્રારંભ થઈ ચૂકયો છે. કેટલીક શાળાઓમાં શરૂઆતના ઝીરો પિરિયડ અને ફર્સ્ટ પિરિયડ વચ્ચે હવે દસ મિનિટનો ફ્રુટ બ્રેક અપાય છે જેમાં વિદ્યાર્થીઓએ ફરજિયાત ફળોનો નાસ્તો કરવાનો હોય છે.

● સમી સાંજે છ-૫ સર્કલ નજીક એક એસટી બસ ખોટકાઈ હતી. આ બસ રસ્તામાં વચ્ચોવચ આડી જોઈને ખોટકાઈ હોવાથી અન્ય વાહનચાલકોને પણ ભારે અગવડનો સામનો કરવો પડયો હતો.

● ઉનાળાના પ્રારંભે શહેરમાં અનેક ઠેકાણે બરફના ગોળા અને શરબતની લારીઓ જોવા મળી રહી છે. રાત્રિના વાળુ પછી નગરજનો આ લારીઓ પર ભીડ જમાવી 'ઠંડા' થઈ રહ્યા છે.

# ઉવારસદમાં ખુલ્લેઆમ જુગાર રમતા ૧૦ શકુનીઓ પકડાયા

**રોકડ રૂ. ૬૬,૬૯૦ તથા ૭ મોબાઈલ, બે ગાડીઓ અને ૬ બાઈક મળી કુલ રૂ. ૧૦.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત : જુગારધામ ચલાવનાર શખ્સ વોન્ટેડ**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક સ્થિત ઉવારસદ ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ગઈ મોડી સાંજે અડાલજ પોલીસને મળતા દરોડો પાડી ૧૦ શકુનીઓને ઝડપી પાડયા હતા. રૂ. ૬૬,૬૯૦ રોકડા તથા ૮ વાહનો અને ૭ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૦.૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને અડાલજ પોલીસે ૧૦ની ધરપકડ કરી લીધી હતી. જયારે જુગારધામ ચલાવી રહેલો શખ્સ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયાની સુચનાથી તેમની ટીમ ગઈ મોડી સાંજે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ જયરાજસિંહને બાતમી મળી હતી કે ઉવારસદ ગામના આંટા વાસમાં ઈંટોના ભઠ્ઠા તરફ જતા કાચા માર્ગ પર વાડામાં ખુલ્લેઆમ જુગારી રમાડાઈ રહ્યો છે. પીએસઆઈ પી.સી. સરવૈયા તથા એએસઆઈ કાનજીભાઈ, હેડ કોન્સ્ટેબલ અમરતભાઈ, કોન્સ્ટેબલ જયરાજસિંહ, ગીરીરાજસિંહ, મહાવીરસિંહ, ભરતસિંહ સહીતની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડી કોર્ડન કરી શકુનીઓને પકડી પાડયા હતા. ૧૦ જુગારીઓ પોલીસના સકંજામાં આવી ગયા હતા જયારે જુગાર રમાડી રહેલો ઉવારસાદ ખાંટ વાસનો ચૈહુ કાંતી ઠાકોર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે રૂ. ૬૬,૬૯૦ રોકડા, રૂ. ૨૩૮૦૦ની કિંમતના સાત મોબાઈલ, રૂ.૯.૧૫ લાખના ૮ વાહનો જેમાંએક સ્કોર્પીઓ ગાડી એક હોન્ડા સીટી ગાડી અને ૬ બાઈકો મળી કુલ રૂ. ૧૦,૦૫,૪૯૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે સ્થળ પરથી અડાલજના દિનેશ ઉર્ફે દાનો મંગળ પરમાર, અમરત બળદેવ ઠાકોર, સુરેશ રૂપસિંહ ચૌધરી, હસમુખ રમેશ પટેલ તથા ઉવારસદ ગામના ઈશ્વર ઉર્ફે ઈશો ઓથા ઠાકોર, અશોક સેંધા ઠાકોર, લાલા બળદેવ ઠાકોર, જીતુ ગાભા ઠાકોર, શકરા ધુળા ઠાકોર અને લાલજી વાઘેલા મળીને દશ શકુનીઓની ધરપકડ કરી લીધી છે જયારે મુખ્ય સુત્રધાર ચૈહુ ઠાકોર હજુ ફરાર છે. અડાલજ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## અમીયાપુરમાં બાજી માંડીને બેઠેલા છ શખ્સો પકડાયા

અડાલજ પોલીસ મથકના ઈન્સ્પેકટર પંડયાની સુચનાથી તેમની ટીમે આજે બપોરે ચોકકસ બાતમીને આધારે દરોડો પાડી અમીયાપુર ગામમાંથી છ શકુનીઓ પકડી પાડયા હતા. પીએસઆઈ સરવૈયા તથા તેમની ટીમના એએસઆઈ કાનજીભાઈ અને કોન્સ્ટેબલ જયરાજસિંહ સહિતના માણસોએ દરોડો પાડીને અમીયાપુર ગામે રામદેવ કિરાણા સ્ટોરની સામે ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા છ શખ્સોને રોકડ રૂ. ૩૨,૦૭૦ તથા પાંચ મોબાઈલ અને એકટીવા મળી કુલ રૂ.૭૫,૦૭૦ની કિંમતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તમામ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. અમીયાપુર ગામના મહેશ મંગા ઠાકોર, શંકર છગન ઠાકોર, અનીલ જવાન ઠાકોર, ઝુંડાલના અશોક બેચર પટેલ, ચાંદખેડાના શૈલેશ પોપટ ઠાકોર અને કલોલના ગોલવરા વિસ્તારના રાજુ કેશા ઠાકોર મળી છ શકુનીઓની ધરપકડ કરવામાં આવી છે.

## પેથાપુર તરપોજ વાસમાંથી ત્રણ જુગારીઓ પકડાયા

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાની સુચનાથી તેમની ટીમે આજે બપોરના અરસામાં ચોકકસ બાતમીને આધારે પેથાપુરના તરપોજ વાસમાં દરોડો પાડયો હતો. પોલીસે રોકડ રૂ. ૪૪૦ તથા ૩ મોબાઈલ મળી કુલ રૂ. ૨૪૪૦ ની કિંમતના મુદ્દામાલ સાથે તરપોજ વાસમાં રહેતા બકા રાઘુ ઠાકોર, લાલા વિષ્ણુ ઠાકોર અને વિષ્ણુ મથુર ઠાકોર મળી ત્રણેયની ધરપકડ કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લો બોલો...!! મેદાન બાસ્કેટ બૉલનું અને રમત ક્રિકેટની...!!!

**સે-૩-એ-ન્યુના બાસ્કેટ બોલ કોર્ટની બદતર હાલત : બાસ્કેટ બોલના ખેલાડીઓ નિરાશ જયારે ગલી ક્રિકેટને છુટો દોર : એક તરફ ખેલમહાકુંભના તાયફા અને બીજી તરફ આંતરરાષ્ટ્રીય રમત પ્રત્યે દુર્લક્ષતા**

ગાંધીનગર, તા.૫

એક તરફ રાજય સરકાર દ્વારા ખેલ મહાકુંભ જેવા તાયફા દ્વારા કરોડો રૂપિયાનું આંધણ કરી રાજયમાં સ્પોર્ટસ પ્રત્યે જાગૃતિ લાવવાના દેખાડા કરે છે અને બીજી તરફ ગાંધીનગરમાં બાસ્કેટ બૉલ જેવી વૈશ્વિક સ્તરે રમાતી રમતોના મેદાનની દુર્દશા પ્રત્યે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે.

ગાંધીનગરના સેકટર-૩-એ ન્યુમાં પ્રવેશવાના માર્ગ પર આવેલ સરકારી સ્કૂલના કેમ્પસમાં બાસ્કેટ બૉલનું મેદાન બનાવાયું હતું. આશરે દોઢેક વર્ષ પૂર્વે વિકસાવાયેલ આ બાસ્કેટ બૉલ કોર્ટ પર હજુ સુધી કોઈ જિલ્લા કક્ષા કે તેનાથી મોટી એક પણ મેચ રમાઈ હોય તેવું તો જાણમાં નથી આવતું પરંતુ હાલ આ કોર્ટની હાલત અત્યંત બદતર થઈ જવા પામી છે. લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલ આ કોર્ટનો હેતુ આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિય એવી બાસ્કેટ બૉલની રમતના ખેલાડીઓને પ્રોત્સાહન મળે અને ગાંધીનગરમાંથી પણ આ રમતના વૈશ્વિક કક્ષાના કે રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ પ્રાપ્ત થાય તે માટેનો હતો. આટલો ઉમદા હેતુ હોવા ઉપરાંત અને ગાંધીનગરની અનેક ખાનગી સ્કૂલોમાં બાસ્કેટ બૉલની રમત પ્રત્યે ગંભીરતા દાખવવામાં આવતી હોવા છતાં આ કોર્ટની સાર સંભાળમાં અત્યંત બેકાળજીના પરિણામે તેની પાછળ ખર્ચાયેલા નાણાં હાલ તો પાણીમાં જ ગયા હોવાનું ભાસી રહ્યું છે.




(તસવીર : કશ્યપ નિમાવત)

એક તરફ સરકારી તંત્રની ઉદાસીનતા અને બીજી તરફ ક્રિકેટનો હદ વગરનો વધી રહેલ ક્રેઝ જેના કારણે આ બાસ્કેટ બૉલના મેદાનનો ઉપયોગ પણ આસપાસના રહીશોના બાળકો ક્રિકેટ રમવા માટે કરે છે. જેને કોઈ અટકાવતું પણ નથી. જયારે આ બાળકને પૂછવામાં આવ્યું કે તમે કેમ બાસ્કેટ બૉલના મેદાનમાં ક્રિકેટ રમો છો ત્યારે તેમણે નિર્દોષતાથી જવાબ આપ્યો કે અહીં બાસ્કેટ સહિતના પોલ તુટી ગયા હોવાથી કોઈ બાસ્કેટ બૉલ રમતું નથી તો અમે ક્રિકેટ માટે ઉપયોગ કરીએ છીએ. જે આખરે તો એક રમત જ છે ને? આમ, મેદાન તરફની દુર્લક્ષતાએ એક વૈશ્વિક રમત પ્રત્યેની ઉદાસીનતામાં વધારો કરવા સાથે તે રમતના ખેલાડીઓને નિરાશ કર્યા છે.


# રાજભવનમાં ફરજ બજાવતો જવાન લાપતા..!

**ચાલુ ફરજે એસઆરપી જવાન નીકળી ગયો હતો તેનો આજ દિન સુધી કોઈ પત્તો નથી**

ગાંધીનગર, તા.૫

રાજયના પાટનગર ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ખાતે રહેતા અને મુળ ગોધરા વિસ્તારના રહેવાસી એસઆરપી જવાન દિનેશભાઈ રામકૃષ્ણભાઈ ગુર્જર રાજભવનમાં ગેટ નં. ૩ ખાતે ફરજ બજાવે છે. ૨૮ માર્ચે ચાલુ ફરજે એસઆરપી જવાન દિનેશભાઈ કયાંક નીકળી ગયા હતા ત્યારથી આજ દિન સુધી તેમનો કોઈ જ પત્તો મળ્યો નથી. સે-૨૧ પોલીસ મથકમાં જવાનના ગુમ થયા અંગેની જાણવા જોગ નોંધવા પામી છે. સે-૨૧ પોલીસે તેની શોધખોળ આરંભી છે.

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સિસિકાને મેડિકલવાનનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૫

સિનિયર સિટીઝન કાઉન્સિલની માર્ચ માસની માસિક સભા વખતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ફરતા દવાખાના માટે રૂ. ૫ લાખની મેડીકલવાનનું લોકાર્પણ બેંકના નિવૃત્ત અધિકારીશ્રીઓ સર્વશ્રી અશોકભાઈ રીંડાણી, આઈ.જી. પરમાર, એ.જે.ઠકકર અને બી.પી. સોનેજી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી ધીરેનભાઈ માંકડ આસી. જનરલ મેનજેર, કોમ્યુનીટી બેંકીંગ સર્વિસીઝ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદે આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી.

# સિવિલ ઓપીડી વિભાગના વોટર કુલરમાં દુર્ગંધ મારતુ પાણી

ગાંધીનગર, તા.૫

સિવિલના ઓપીડી વિભાગમાં મુકવામાં આવેલા વોટર કુલરમાં દુર્ગંધ યુકત પાણી આવે છે. સિવિલમાં સારવાર અર્થે આવતા તરસ્યા દર્દીઓ કુલરમાંથી પાણી પી શકતા નથી. કુલરની યોગ્ય સાફ સફાઈ થતી ના હોવાથી આ પરિસ્થિતિ નિર્માણ પામી છે. સિવિલ સ્ટાફ અને દર્દીઓને અન્યત્ર સ્થળે પાણી ભરવા જવાની ફરજ પડે છે. દર્દથી પિડાતા દર્દીઓ કુલરનું પાણી પીને વધુ બિમાર પડે તેવું લાગી રહ્યું છે. ઉનાળાની સિઝન હોવાથી



ગાંધીનગર કોરપોરેટ હોસ્પિટલમાં રોજ સમસ્યા સામે આવે છે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના ઓપીડી વિભાગમાં વિવિધ રોગની સારવાર માટે દિવસના હજજારો દર્દીઓ આવે છે. સારવાર માટે આવતા દર્દીઓને પીવાના પાણીની તંગી ના પડે તે માટે હોસ્પિટલમાં તંત્ર દ્વારા વોટર કુલર મુકવામાં આવ્યા છે. ઓપીડી વિભાગમાં સારવાર માટે આવતા દર્દીઓ કુલરમાં ઠંડુ પાણી આવતું હોવાથી પીવા માટે જાય છે પરંતુ પાણી જેવું મોંઢામાં જાય કે તુરંત નીકાળી દે છે. પાણીમાં દુર્ગંધ મારતી હોવાની ફરિયાદ લાભાર્થીઓમાં ઉઠવા પામી છે. સિવિલના ધાબા પર મુકવામાં આવેલ ટાંકીની પણ યોગ્ય સફાઈ છે કે નહી તે જોવું રહ્યું. ઉનાળાના પ્રારંભે સિવિલમાં દર્દીઓમાં પાણીના પોંકાર ઉઠ્યા છે. ઉનાળાની સિઝન હોવાથી દરેક વ્યકિતની પાણીની જરુરીયાત વધી જાય છે ત્યારે ઠંડુ પાણી પીને લોકો રાહત મેળવતા હોય છે. દર્દથી કણસી રહેલા દર્દીઓ કુલરનું પાણી પીને તો સાજા થવાની જગ્યાએ વધુ બિમાર પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ઓપીડી વિભાગમાં કામ કરતા કર્મચારીઓ તેમજ દર્દીના સગાઓને હોસપિટલના અન્ય સ્થળે મુકવામાં આવેલ કુલરમાં પાણી ભરવા જવું પડે છે. પરંતુ મોટાભાગના કુલરમાં આ સમસ્યા છે. ત્યારે તરસ્યા દર્દીઓ જાયે તો જાયે કહા જેવો ઘાટ ઘડાયો છે. સિવિલમાં મુકવામાં આવેલા કુલરોની યોગ્ય સફાઈ થાય અને કુલરોનું પાણી પીવા માટે યોગ્ય બને તેવું લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે. હોસ્પિટલમાં મુકવામાં આવેલા કુલર લાભાર્થીઓ માટે આશિર્વાદરુપ સાબિત થાય તેવું તંત્ર દ્વારા કરવું જરુરી છે.

## ચિરવિદાય

- સ્વ. શારદાબેન જીવાભાઈ પટેલ, ઉ.વ. ૮૪
- સ્વ. ગાભાજી મગનજી ઝાલા, ઉ.વ. ૮૫
- સ્વ. કિર્તિસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા, ઉ.વ. ૨૬
- સ્વ. ગૌતમભાઈ જોઈતાભાઈ પટેલ, ઉ.વ. ૫૪
- સ્વ. ધૂળીબેન મોતીભાઈ પટેલ, ઉ.વ. ૭૪